# Order below Ex: 1 in RCS NO : 23/2015

# Old Sp. Civil. Suit No-53/2012

આજરોજ સદર કામ આગળની કાર્યવાહી અને વાદીના પુરાવા રજુ થવા માટેં ચાલુ છે. આજરોજ કોર્ટ શરુ થતા વાદીનો પોકાર કરાવતાં વાદી જાતે હાજર નથી કે તેમના તર્ફે કોઇ વિ..વકીલ શ્રી પણ હાજર નથી. અને તેમના તર્ફે કોઇપણ મારફતે કોઇ મુદત અરજ પણ આપેલ નથી. અને ત્યારબાદ કોર્ટ સમય દરમ્યાન રાહ જોવા છતાં અને વારંવાર વાદી તથા તેમના વિ.વકીલ શ્રી નો પોકાર કરવા છતાં વાદી જાતે કે તેમના વકીલ શ્રી મારફતે હાજર રહેલા નથી કે તેમના તરફે કોઇ આગળની કાર્યવાહી કરવા મુદત રીપોર્ટ રજુ રાખેલ નથી. કે પ્રતિવાદીને તર્ફે પણ કોઇ હાજર નથી.

આ કામ નુ રેકર્ડ જોતાં સદર દાવો વાદીએ જામનગર કોર્ટમાં દાખલ કરેલ અને જે સ્પે.મુ.નં ૫૩/૨૦૧૨ થી દાખલ થયેલ. ત્યારબાદ કોર્ટની હકુમત વધતા સદર હાલનો દાવો જામનગર કોર્ટમાંથી પ્રીન્સીપાલ સીવીલ જજ લાલપુર ની કોર્ટમાં ટ્રાન્સફર થઇ આવતા સદર દાવાના પક્ષકારોને ધોરણ સર નોટીસ કરવામાં આવેલ છે . ત્યારબાદ દાવા લગત આંક-૧૬ મારા પુરોગામી ન્યાયાધીશ ધ્વારા મુદ્દા ઘડવામાં આવેલા છે. અને મુદ્દા લગતની નોટીસ વાદી પ્રતિવાદીને કરવાનો હુકમ કરેલ. અને જે મુજબ વાદીને નોટીસ કાઢવા સરનામુ જોતાં વાદી વિદેશમાં રેહતા હોય, તેમના વિ.વ.શ્રી ને નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ આંક-૧૮ થી તા. ૧૦/૦૨/૨૦૧૬ ના રોજ નોટીસ બજેલ છે. અને ત્યારબાદ મુદત તા. ૨૫/૦૨/૨૦૧૬ ના રોજ વાદી જાતે કે વકીલ મારફતે હાજર થયેલા નથી કે આગળની કાર્યવાહી કરવા કોઇ અરજ રજુ કરેલ નથી. અને તેમ કોર્ટ ધ્વારા મુદત ન્યાયના હીતમાં આપેલ છે. પરંતુ સદર કેશ પુરાવા ઉપર હોવા છતાં અને વાદી ના વિ.વ.શ્રી ને તેની જાણ હોવા છતાં વકીલ મારફતે હાજર રહેલા નથી અને આગળ ની કાર્યવાહી કરેલ નથી. અને તે મુજબ વાદી આજરોજ પણ હાજર રહેલા નથી કે તેમના તર્ફે કોઇ વકીલ શ્રી મારફતે પણ કોઇ મુદત અરજી રજુ રાખેલ નથી. આમ જયારે વાદી હાલનો દાવો લઇ દાદ માંગવા આવેલા હોય ત્યારે પોતાના દાવાના કામે નીયમીત હાજર રહેવુ તે વાદીની જવાબદારી છે અને વાદીના વિ.વ.શ્રી ને નોટીસ બજેલ છે ત્યારે તેઓએ દાવાના કામે હાજર રહેવું તેમની ફરજ છે. તેમ છતાં વાદી હાલના દાવામાં હાજર રહેલા નથી અને કોર્ટ ધ્વારા તેઓને પુરતી તક આપવામાં આવેલ હોય ત્યારે તેમણે જાતે હાજર રહેવું જોઇએ. પરંતુ સદર કામના વાદી ધ્વારા હાલના કેશમાં નીષ્કાળજી દાખવી કોર્ટમાં હાજર રહેલા નથી કે કોઇ કાર્યવાહી કરેલ નથી કે તેમના વિ.વ.શ્રી ને પણ નોટીસ બજવા છતાં તેઓ હાજર રહેલા

નથી કે કોઇ મુદત અરજી રજુ રાખેલ નથી અને જેથી વાદીને હાલનો કેશ ચલાવવામાં કોઇ રસ હોય તેમ જણાતુ નથી.આમ જ્યારે વાદી ના પુરાવા માટે કેશ ચાલુ હોય અને વાદી જાતે કે વકીલ મારફતે હાજર રહેતા ના હોય, કે મુદત અરજી રજુ કરતા ના હોય ત્યારે કોર્ટનો અમુલ્ય સમય નો વ્યય કરવો તે યોગ્ય નથી. તેથી આ કેસ સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૯ રુલ ૮ મુજબ વાદી ની ગેરહાજરી અને તેમના વિ.વ.શ્રી મારફતે કોઇ મુદત અરજ રજુ નહી રાખવાને કારણે કાઢી નાંખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે માર્ચ સને ૨૦૧૬ નાં રોજના કોર્ટ સમય દરમ્યાન ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૩/૨૦૧૬

લાલપુર.

જયેશ વાલજીભાઇ ચૌહાણ
(એડ-હોક) પ્રીન્સીપાલ સીવીલ જજ
લાલપુર.
જજ કોડ નંબર- જીજે ૦૧૪૩૧